# આજે ધોરણ-૧૦ પરીક્ષાનું પરિણામ

## જિલ્લાના ૨૮ હજાર જેટલા વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી થશે : વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ઉત્સુકતા

ગાંધીનગર,તા.૨

ગત માર્ચ મહિનામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષા યોજવામાં આવી હતી. જયારે બે મહિનાના અંતે હવે બોર્ડ પરીક્ષાઓનું તબક્કાવાર પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. પ્રથમ ધોરણ- ૧૨ વિજ્ઞાન -વાહનું પરિણામ જાહેર કર્યા બાદ ૩૧ મે ના રોજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું હતું. હવે આવતીકાલે મંગળવારે ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થનાર છે. જિલ્લામાંથી અંદાજીત ૨૮ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા આપી હતી. બોર્ડ પરિક્ષા દરમ્યાન કોઈ પણ પ્રકારની ગેરરીતીનો કિસ્સો ગાંધીનગર જિલ્લામાં નોંધાયો ન હતો. આવતી કાલે મંગળવારે પરિણામ જાહેર થવાનું હોવાથી વિદ્યાર્થી અને વાલીઓમાં પણ પરિણામલક્ષી ઉત્તેજના વધુ પ્રબળ બની છે.

માર્ચ મહિનામાં ધો.૧૦-૧૨ ની બોર્ડ પરિક્ષા સંપન્ન થઈ હતી. ત્યાર બાદ ધો.૧૧ સેમેસ્ટર-૨ ની પરિક્ષા પણ પૂર્ણ થતા બોર્ડના પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. પ્રાથમિક અને માધ્યમિક તમામ ધોરણોની પરિક્ષા ના અંતે ઉનાળુ વેકેશન નો રંગ જામ્યો હતો. તબક્કાવાર બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે લાંબા સમયના અંતે તબક્કાવાર પરિણામો જાહેર થઈ ગયા છે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ તા-૨૩ મે ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. હવે આવતી કાલે મંગળવારે ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવશે. માર્ચ ૨૦૧૪માં ગાંધીનગર જિલ્લામાંથી ૨૮ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધો-૧૦ ની પરીક્ષા આપી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ બોર્ડ પરીક્ષાનું આવતી કાલે મંગળવારે પરિણામ જાહેર થવાનું હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત આવી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે બોર્ડની પરીક્ષા દરમિયાન જિલ્લામાં ગેરરીતીનો એકપણ કિસ્સો નોંધાયો ન હતો.

# ઈન્દ્રોડા પાર્કના પશુ-પંખીઓને ગરમીથી રક્ષણ આપવા અલાયદી વ્યવસ્થા

## વાઘ-દિપડા જેવા પ્રાણીઓને ઠંડક આપવા કુલર મુકાયા : બધા જ પાંજરાઓ માટે ખસટટ્ટીની વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨

આજકાલ અસહ્ય ગરમી કાળો કેર વર્તાવી રહી છે. ગરમીથી બચવા માટે માનવજાત તો જાતજાતના ઉપાયો શોધી કાઢે છે. ઘરમાં કે ઓફિસમાં એસી કુલર નીચે બેસી રહે છે પરંતુ અબોલા પશુ-પંખીઓનું આવી કાળઝાળ ગરમીમાં શું થતું હશે. ખુલ્લામાં વિહરતા પશુ-પંખીઓ તો આસપાસ પાણી કે છાંયડો હોય તેવી જગ્યા શોધીને બેસી જાય છે. પરંતુ પાંજરામાં પુરાયેલા પશુ-પંખીઓની હાલત આવી કાળઝાળ ગરમીમાં ખરેખર દયનીય બની જાય છે. ગાંધીનગરના પાદરે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પશુ-પંખીઓ ગરમીથી બચી શકે, રાહત મેળવી શકે તે માટે ખાસ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનનું આગવું આકર્ષણ વાઘ અને દીપડા છે. અહીં રહેલા વાઘ, દીપડા અને શિયાળ જેવા માંસાહારી પ્રાણીઓના પાંજરાની પાસે કુલર મુકવામાં આવ્યા છે. જેને આખો દિવસ ચાલુ રાખવામાં આવે છે. આ પ્રાણીઓના પાંજરા અને તેની આસપાસ સતત પાણીનો છંટકાવ કરવામાં આવે છે. આ ઉપરાંત દરેક પક્ષીઓ, પ્રાણીઓ અને સર્પના દરેક પાંજરાઓ માટે ખસટટ્ટીની વ્યવસ્થા કરવામાં આવી છે. ખુલ્લામાં રહેલા પાંજરાઓ કે જ્યાં તડકો સીધો આવે છે ત્યાં પાંજરાઓની ઉપર ઘાસના પૂળા અને ખસટટ્ટી લગાવવામાં આવી છે. સ્પ્રીંગલર્સ અને ફોગર્સ સતત ચાલુ રાખી પ્રાણીઓને-પંખીઓને ઠંડક પહોંચાડવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. વિશાળ પાંજરાઓમાં રહેલા સાબર અને હરણ માટે મડ પોન્ડ બનાવાયા છે. જેથી તેઓ ગરમીમાં રાહત મેળવી શકે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પાંજરામાં રહેલા પ્રાણીઓ-પંખીઓ ઉપરાંત ખુલ્લામાં રહેતા વાંદરા, હરણ, મોર જેવા પશુ-પંખીઓની સંખ્યા પણ ખુબ વધુ છે. આવા પ્રાણીઓ-પંખીઓ પાણી માટે ટળવળે નહી તે માટે પાર્કમાં ઠેરઠેર સીમેન્ટની કુંડીઓ-નાના પોન્ડ બનાવવામાં આવ્યા છે. પ્રવાસીઓ માટે પીવાના ઠંડા પાણીની પણ સગવડતા ઉભી કરવામાં આવી છે.





(તસવીર : કશ્યપ નિમાવત)







# ઓપન એર થિયેટરની સિક્યુરીટીના મામલે તંત્રએ એજન્સીને નોટીસ આપી

## ૨૪ કલાક સિક્યુરીટીનો પહેરો રાખવા સૂચના : ગંદકી સહીતના દૂષણો ડામવા તંત્ર સફાળુ જાગ્યું !

ગાંધીનગર, તા. ૨

ગંદકી સહીત અન્ય દૂષણોનો અડ્ડો બનેલા ઘ-૫ સ્થિત ઓપન એર થિયેટરને અનુલક્ષી ૨૪ કલાક સિક્યુરીટીનો પહેરો ગોઠવાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે આ મામલે બેદરકાર સિક્યુરીટી એજન્સીને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે.

શહેરના મધ્ય વિસ્તારમાં અંદાજિત રૂ. ૫૫ લાખના ખર્ચે નિર્માણ કરાયેલા ઓપન એર થિયેટરનો છેલ્લા ત્રણ વર્ષથી કોઈપણ પ્રકારે ઉપયોગ થતો નથી. વિભાગના મંત્રી દ્વારા લોકાર્પણ વિધિ બાદ આ થિયેટરમાં ઉદ્ઘાટન સિવાય કોઈ કાર્યક્રમ થયો નથી. ત્રણ વર્ષથી બિનઉપયોગી નિવડેલા આ થિયેટરની યોગ્ય જાળવણી ન થતા અનેક સમસ્યાઓ ઉદ્ભવી હોવાનું ધ્યાને આવ્યું છે. ઓપનએર થિયેટરમાં ગંદકીના ઢગ અટકાવવા ઉપરાંત શ્રમજીવીઓનો વસવાટ હોવાનું પણ પ્રકાશમાં આવ્યું હતું. જયારે રાત્રિના સમયે આ સ્થળે દારૂ સહીતની બદીઓ સાથે અસામાજિક તત્વો અડ્ડો જમાવતા હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. સ્વચ્છતાના અભાવ વચ્ચે નવ નિર્મિત થિયેટરમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળતા હતા. ઉપયોગના અભાવે ખંડેર ભાસતા આ થિયેટરમાં પાંગરતા દૂષણોને ડામવા તંત્ર દ્વારા જવાબદાર સિક્યુરીટી એજન્સીને નોટીસ આપવામાં આવી છે. પરંતુ અત્યાર સુધી આ મામલે તંત્રના અધિકારીઓએ પણ બેદરકારી દાખવી હોવાનું સ્પષ્ટ થયું છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ઓપનએર થિયેટરની યોગ્ય સફાઈનું કામ પૂર્ણ કરી દેવાયુ છે. જયારે ફરજમાં બેદરકારી દાખવનાર સિક્યુરીટીની એજન્સીને નોટીસ પણ આપી દેવાઈ છે. તેમજ થિયેટરને અનુલક્ષી ૨૪ કલાક સિક્યુરીટીનો પહેરો રાખવા પણ સૂચના આપવામાં આવી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# ગરમીથી બેહાલ નગરજનો વીજળીના ધાંધિયાથી ગળે આવી ગયા !!

## સેક્ટરોમાં લાઈટો ડુલ થવાનો સિલસિલો યથાવત આકરી ગરમીમાં ઘરમાં પુરાઈ રહેવાનુ પણ મુશ્કેલ

ગાંધીનગર, તા. ૨

ગરમીએ કાળો કેર વર્તાવતા નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે. આકરી ગરમી અને બફારાના લીધે બાળકો અને સિનિયર સિટીઝન્સ વિશેષરૂપે આકુળવ્યાકુળ બન્યા છે. આવા સંજોગોમાં ગરમીથી બેહાલ નગરજનો માટે ઘરમાં રહેવાનુ પણ મુશ્કેલ બન્યું છે. સેક્ટરોમાં રોજબરોજ લાઈટો ડુલ થતા તગડુ વીજબીલ ચુકવતા ગ્રાહકોએ પૈસા ચુકવીને પણ ગરમીમાં ગુંગળાવવાનો વારો આવ્યો છે. આકરી ગરમીની સીઝનમાં ફોલ્ટ-રીપેરીંગના નામે સેક્ટરોમાં મનફાવે ત્યારે વીજપ્રવાહ ખોરવાઈ જાય છે. ટોરેન્ટ પાવરની આ નિતિ સામે શહેરીજનોમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. ગરમીથી બેહાલ નગરજનો વીજળીના ધાંધિયાથી પણ ગળે આવી ગયા છે. વીજસેવાના નામે સેક્ટરોની શેરીઓની હાલત ગામડા જેવી થઈ ગઈ છે.

આકાશમાં અગનગોળા વરસી રહ્યા છે ત્યારે સૂર્ય પ્રકોપના લીધે અંગ દઝાડતી ગરમીએ શહેરનું જનજીવન સુન્ન કરી દીધુ છે.એક બાજુ ગરમીથી બચવા નગરજનો અનેક નુશ્કાઓ અજમાવી રહ્યા છે તેમજ કામ સિવાય ઘરની બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી શહેરીજનોએ આકરી ગરમીમાં ઘરમાં બેસવાનુ પણ જાણે મુશ્કેલરૂપ બની ગયું છે. સેક્ટરોમાં ગમે તે ઘડીએ વીજપુરવઠો ખોરવાઈ જાય છે. ક્યારેક બપોરના તો ક્યારેક રાત્રિના સમયે લાઈટ ઓફ થઈ જતા નગરજનોએ આકરી ગરમીમાં લપડાક સહન કરવાનો વારો આવે છે. વીજપુરવઠાની સંભવિત જરૂરિયાત અને ગરમીને અનુલક્ષી આયોજનમાં નિષ્ફળ નિવડેલા તંત્ર સામે પણ નાગરિકોએ પ્રબળ આક્રોશ વ્યક્ત કર્યો છે. વીજ ભાવવધારા માટે તત્પર ટોરેન્ટનું તંત્ર ગ્રાહકો માટે શિરદર્દ સમાન બન્યું છે. નાગરિકોને પડતી હાલાકી પ્રત્યે બેધ્યાન થતાં તંત્રના લીધે છાશવારે લાઈટો ડુલ થઈ જાય છે.

# ઘ-૫ ફૂડકોર્ટમાં ચાર દુકાનોની પેરાફીટ તંત્રએ સીલ કરી

ગાંધીનગર, તા.૨

ઘ-૫ ફૂડકોર્ટમાં ફાળવવામાં ન આવી હોય તેવી દુકાનોની પેરાફીટ અને ખુલ્લી જગ્યાનો ઉપયોગ થતો હોવાનું ધ્યાને આવતા તંત્ર દ્વારા આવી ચાર જગ્યાએ સીલ મારવામાં આવ્યું છે. ફૂડકોર્ટમાં૯૬ પૈકી ૩૯ દુકાનો જ ડ્રોના આધારે ફાળવવામાં આવી છે.

વર્ષો જુની બિન ઉપયોગી હાલતમાં ભાસતી ઘ-૫ની ફૂડકોર્ટમાં અગાઉ ડ્રો પ્રક્રીયાના આધારે ૩૯ દુકાનો ફાળવવામાં આવી હતી. જયારે હાલની સ્થિતિએ ૫૭ જેટલા સ્ટોલ્સ બંધ હાલતમાં છે. બીજા તબક્કામાં ડ્રોના આધારે આ દુકાનોની ફાળવણી કરવામાં આવશે. શહેરના મધ્યવિસ્તારમાં ધમધમતા આ ચોપાટી વિસ્તારમાં સાંજ ઢળતાં જ રોનક છવાઈ જાય છે. પરંતુ હજુ અન્ય દુકાનો બંધ હોવાથી ફૂડકોર્ટની સામે શહેરના અન્ય સ્થળોએ લારી ગલ્લાના દબાણો યથાવત જોવા મળી રહ્યા છે. ફૂડકોર્ટની દુકાનો ફાળવવાની પ્રક્રિયામાં વર્ષોનો વિલંબ થતા તંત્રએ રીપેરીંગની કામગીરી પાછળ પણ લાખો રૂપિયા ખર્ચવાનો વારો આવ્યો હતો. આવા સંજોગોમાં હાલ ફૂડકોર્ટના કેટલાક વેપારીઓ દ્વારા બંધ દુકાનોની પેરાફીટ અને ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરવામાં આવતો હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું. જેના પગલે તંત્ર દ્વારા આવી દુકાનોના પેરાફીટ પર અન્ય વેપારીઓ દ્વારા દાખવવામાં આવેલ સામાન દૂર કરી ઉભા અને આડા સીલ મારી દેવાયા હતા. ફૂડકોર્ટમાં વિવિધ ચાર જેટલી દુકાનોનો ઉપયોગ સામાન રાખવા માટે થતો હોવાનું ધ્યાને આવ્યું હતું.

**વેપારીઓ બંધ સ્ટોલની પેરાફીટ અને ખુલ્લી જગ્યામાં સામાન ભરતા હતા**



કેરી મહોત્સવ - ગાંધીનગર કૃષિ ભવન ખાતે 'કેસર કેરી મહોત્સવ' આરંભાયો છે... તલાલા ગીર વિસ્તારમાંથી વિવિધ પ્રકારની કેસર કેરી લવાઈ છે... ગાંધીનગરના નગરજનોને કેસર કેરીનો સ્વાદ સહજતાથી ઉપલબ્ધ થાય તે માટે અને કેસર કેરીના ઉત્પાદકોને ટેકાના ભાવ મળી રહે એ માટે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા કેરી મહોત્સવનું આયોજન કરાયું છે. દર વર્ષની જેમ ગાંધીનગર અને અમદાવાદમાં યોજાતા કેસર કેરી મહોત્સવને સારો પ્રતિસાદ મળી રહે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં વિશ્વ પર્યાવરણ દિને ચિત્ર સ્પર્ધા અને જનજાગૃતિ રેલી યોજાશે

ગાંધીનગર, તા.૨

સમગ્ર વિશ્વમાં તા.૫મી જુનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિન નિમિત્તે ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર કલેકટર કચેરી, ગાંધીનગર મહાનગરપાલિકા અને ગીર ફાઉન્ડેશનઈન્દ્રોડા પાર્કના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છ ગાંધીનગર, હરિયાળું ગાંધીનગરના અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૫મી જુનના રોજ સવારના ૮.૦૦ કલાકે ચિત્ર સ્પર્ધાનું આયોજન ગીર ફાઉન્ડેશન ઈન્દ્રોડા પાર્ક ખાતે કરવામાં આવ્યું છે. તેમજ સવારના ૯.૦૦ કલાકે સેકટર ૨૧, જીમખાનાના ક્રિકેટ મેદાન પાસેથી પર્યાવરણ જાગૃતિ અર્થે એક રેલી યોજાશે.

જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપની અધ્યક્ષતામાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંગેની બેઠક યોજાઈ હતી. ઉજવણીની માહિતી આપતા તેમણે જણાવ્યુ હતું કે, તા. ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગાંધીનગર શહેરની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-૧ થી ઉચ્ચતર માધ્યમિક તથા કોલેજના પુર્વ સ્નાતક વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન ઈન્દ્રોડા પાર્ક ખાતે કરવામાં આવ્યું છે. ચિત્ર સ્પર્ધા મારું શહેર સ્વચ્છ શહેર, પક્ષીઓનું સ્વરૂપ અને મને ગમતું નગરનું હરિયાળુ સ્થળ વિષય પર યોજાશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા બાળકો અને યુવાનોએ પોતાના નામનું રજિસ્ટ્રેશન ઈમેલ અથવા તા. ૫મી જૂનના રોજ સ્પર્ધાના સ્થળ ઈન્દ્રોડા પાર્ક ખાતે સવારના ૭.૦૦ કલાક થી ૭.૪૫ કલાક સુધી રજિસ્ટ્રેશન કરવામાં આવશે. આ ચિત્ર સ્પર્ધા ધોરણ ૧ થી ૮, ધોરણ ૯ થી ૧૦ અને ઉચ્ચતર માધ્યમિક અને કોલેજના પૂર્વ સ્નાતક વિદ્યાર્થીઓ મુજબના ત્રણ વિભાગમાં યોજાશે. તમામ વિભાગમાં -થમ, દ્વિતીય અને તૃતીય

● અનુસંધાન પાન-૭ પર

**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૪-૬-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૩૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૩ ગ-રોડ સબસ્ટેશન

૨. જિલ્લા પંચાયત સબસ્ટેશન

સહી/-

ટોરેન્ટ પાવર લિમીટેડ

**Teacher/ આયાબેન**

સે.૧માં આવેલ પ્લે-સ્કૂલ માટે અંગ્રેજીમાં ભણાવી શકે તેવા Teacher તથા બાળકોની સંભાળ માટે આયાબેન જોઈએ છે.

ફોન : ૯૮૨૫૨ ૭૧૮૧૯ ૯૭૧૨૬ ૫૧૪૯૯

# ગાંધીનગર શહેર કોંગ્રેસનું સંગઠન વિખેરી દેવાયુ

## લોકસભાની ચૂંટણીના પરિણામોનો પ્રથમ આફટર શોક : ૧૫ જુન સુધીમાં સંગઠન માળખાની નવેસરથી રચના કરાશે

ગાંધીનગર, તા. ૨

લોકસભાની ચૂંટણીમાં ગાંધીનગર(ઉ) વિધાનસભા બેઠક પર ભાજપને પ્રથમવાર સરસાઈ મળતાં જ શહેર કોંગ્રેસ સમિતિના માળખાને વિખેરી નાંખવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના માળખાને વિખેરવાની ઘટનાને રાજકીય ભૂકંપના આફટરશોક જેવી રાજકીય વર્તુળો લેખી રહ્યા છે. જો કે બે ઝોન પ્રમુખ અને શહેર પ્રમુખને યથાવત્ રાખવામાં આવ્યા છે પરંતુ સંગઠનના માળખાની નવેસરથી પુનઃ રચના કરવામાં આવશે.

કોંગ્રેસ સમિતિ ગાંધીનગરમાં વધુ સક્રિય સંગઠન બનાવવા આતુર હોવાના સંકેતો પ્રદેશ સમિતિમાંથી મળી રહ્યા છે. જો કે આ પુનઃ રચના પહેલા જેટલી મોટી નહિ હોય આમ છતાંય તેમાં ૧૫ જેટલા હોદ્દેદારોને સમાવવામાં આવે તેવી શક્યતાઓ છે.

નવા ચહેરાઓને નવા સંગઠનમાં તક અપાશે એટલુ જ નહિ શક્ય હોય ત્યાં સુધી યુવાનોની પસંદગીને અગ્રતા આપવામાં આવશે તેવું પ્રદેશ કાર્યાલયના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કોર્પોરેશનના વોર્ડ સંગઠનની પણ પુનઃ રચના કરાશે એટલુ જ નહિ પક્ષના વિવિધ સેલોની પણ પુનઃ રચના કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

**સ્મરણાંજલિ**

૮૬મી જન્મજયંતિએ



**સ્વ. ચીમનભાઈ પટેલ**

(પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)

**પ્રાર્થના સભા : તા. ૩-૬-૨૦૧૪, મંગળવાર**

સવારે ૮-૩૦ થી ૯-૩૦ કલાકે નર્મદા ઘાટ, ગાંધીનગર

**આવો, સૌ સાથે મળી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ**

**નરેન્દ્ર એમ. શાહ**

ચેરમેન, પેન્સનર્સ સેલ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

ડીરેક્ટરશ્રી, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ.

SANGHI CEMENT Kisan ashirvad C. PVC, UPVC TATA STEEL • PIPES • SHEETS VINAYAK500 TMT BARS - ISI BENELAVE BATH FITTINGS DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com